Date ________
Page ________

Ch-7
Questions

1> ડ્રાઈવિંગ લાઈસન્સની વ્યાખ્યા આપો.

ડ્રાઈવિંગ લાઈસન્સ એટલે તેમાં દર્શાવેલ વ્યક્તિને સત્તા ધરાવતા અધિકારીએ મુજબ કાઢી આપેલું મોટર વાહન અથવા કોઈ નિર્દેશ કરેલ વર્ગ અથવા વિગતનું શિખાઉ હોય તે સિવાયની વ્યક્તિને મોટર વાહન ચલાવવા માટે અધિકાર આપતું લાઈસન્સ.

2> ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવાની રીત લખો.

જવાબ

ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે નિયત નમુનાના ફોર્મમાં અરજી કરવાની હોય છે. અરજી સાથે ઉંમર, અભ્યાસ અને રહેઠાણનો પુરાવો આપતા ઉપરાંત ડ્રાઈવિંગ ટેસ્ટ અને લેમિનેટેડ કાર્ડ બોર્ડ રાઈધ ડ્રાઈવિંગ લાઈસન્સની ફીની પહોંચી અનુક્રમે રૂપિયા 50 અને 200 ની ભરવાની હોય છે.

લાઈસન્સ અધિકારી જ્યારે વાહન ચલાવવા માટેની લાયકાતની પરીક્ષા માટે બોલાવે ત્યારે જ તે ઉમેદવારના વાહન સાથે જ સ્થળે અને તારીખે બોલાવ્યા હોય ત્યારે પહોંચી જેણે પરીક્ષા પાસ કરવાથી ડ્રાઈવિંગ લાઈસન્સ કાઢી આપવામાં આવે છે. પરીક્ષા પાસ કરી ન હોય તો સાત દિવસમાં ફરીથી પરીક્ષા આપી શકે છે.

આ રીતે પ્રથમ વખત પરીક્ષા પછી આવી પરીક્ષા આપવાની પરવાનગી છેલ્લી પરીક્ષાની તારીખથી તારીખથી સાત દિવસની અવધિ પછી જ આપવામાં આવી હોય છે.

Date ______
Page ______

૩) ડ્રાઈવિંગ લાઈસન્સ રીન્યુ કરવાની રીત લખો.
જ) ૧) લાઈસન્સ અધિકારી તેને અરજી કરવાથી ડ્રાઈવિંગ લાઈસન્સને તે પૂરું થયાની તારીખથી તાજુ કરી આપે છે.
૨) પરંતુ લાઈસન્સ પૂરું થયાની તારીખ પછી ત્રીસ કરતાં વધુ કરવામાં આવેલી અરજીને અનુલક્ષીને તાજુ કર્યાની તારીખથી ડ્રાઈવિંગ લાઈસન્સ તાજુ કરી આપે છે.
૩) ડ્રાઈવિંગ લાઈસન્સ તાજુ કરવાની અરજી નિયત નમુનાના ફોર્મમાં જરૂરી દસ્તાવેજો અને ફોટોગ્રાફની નકલ જોડીને કરવી જોઈએ.
૪) ડ્રાઈવિંગ લાઈસન્સની મુદત વીતી ગયા પછી પાંચ વર્ષની મુદત પછી તેને તાજુ એટલે કે રીન્યુ કરાવવા માટે અરજી કરી હોય તો લાયકાત પરીક્ષા પસાર કર્યા પછી જ ડ્રાઈવિંગ લાઈસન્સ તાજુ કરાવી શકાય છે.
૫) લાઈસન્સ કાઢી આપનાર અધિકારીએ બદલે અન્ય અધિકારી પણ ડ્રાઈવિંગ લાઈસન્સ તાજુ કરી આપે છે.
૬) ડ્રાઈવિંગ લાઈસન્સ ધારકની ઉંમર ૪૦ વર્ષથી વધુ થઈ ગઈ હોય તો તેણે તબીબી ધારકની અરજી સાથે જોડવું જોઈએ.

૪) કન્ડકટર લાઈસન્સ પર ટૂંક નોંધ લખો.
જવાબ સ્ટેજ કેરેજના કંડકટર તરીકે કામ કરવા માટે અધિકાર આપતું કંડકટર લાઈસન્સ હોવું જરૂરી છે. કારણ કે કાયદામાં એવી જોગવાઈ છે કે કન્ડકટરનું ચાલુ લાઈસન્સ ધરાવ્યા વિના કોઈ વ્યક્તિ સ્ટેજ કેરેજના કંડકટર તરીકે કામ કરી શકતો નથી.

કંડકટરનું લાઇસન્સનું આપવામાં ન આવ્યું હોય તેવી કોઈ વ્યક્તિને સ્ટેજ ગેરેજનાં કંડકટર તરીકે કામ કરવા માટે કોઈ વ્યક્તિએ નોકરીમાં રાખવા અથવા કંડકટરની નોકરી કરવાની પરવાનગી આપવાની નથી હોતી તેવી પણ કાયદાકીય જોગવાઈ કરવામાં આવે છે.

કાયદામાં કંડકટરના લાઇસન્સની જરૂરિયાત માટે જોગવાઈ કરવામાં આવી છે અને જે વ્યક્તિ કંડકટર તરીકે લાઇસન્સ ધરાવતી ન હોય તે વ્યક્તિને કંડકટર તરીકે કામે રાખવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે

5> કંડકટરની ફરજો જણાવો.

જવાબ

1> પ્રવાસ દરમિયાન ક્યાંય આંટાફેરા કે વિલંબ કરશે નહિ પરંતુ તે વાહનના ટાઈમટેબલને શક્ય તેટલો વળગી રહેશે

2> ફરજ ઉપર હશે ત્યારે ધુમ્રપાન કરશે નહિ.

3> બીજા કોઈ વાહનમાં ચઢતા અથવા ચડવા જતા ઉતારૂઓને દખલ કરશે નહિ.

4> ફરજ પર હોય ત્યારે કોઈ પીણું કે ડ્રગ્સ લેવા નહિ.

5> મુસાફરી તેમજ સંભવિત મુસાફરો સાથે વિનયપૂર્વક વર્તન કરશે

6> માલસામાન અન્ય સ્થળે ઉતરી ન જાય તેની તકેદારી રાખશે.

7> રાજ્ય સરકારે મુકરર કરેલા સ્વચ્છ પોશાક પહેરીને ફરજ બજાવશે.

8> વાહનમાં ઉતારૂઓ પાસેથી ભાડું મેળવી તેને લાગુ પડેલા દરની ટિકિટ આપશે.

9> કાયદેસરનું ભાડું અને નૂર ઉઘરાવી ઉતારૂને તરત જ ટિકિટ આપશે

10> મોટર સ્થળે વાહનના ઉપયોગ દરમિયાન ઉતારૂઓના કમ્પાર્ટમેન્ટને સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્થિતિમાં રાખશે.